# બળાત્કાર માત્ર કાયદા કે ફાંસીથી નહીં રોકાય

હમણાં હમણાં બળાત્કારની ઘટનાઓ વધુ પ્રમાણમાં જાણવા મળે છે . એક મિત્રએ કહ્યું કે, હમણાં બળાત્કારની ઘટનાઓ વધુ પ્રમાણમાં બની રહે છે. હકીકતમાં બળાત્કારની ઘટનાઓ પહેલાં પણ બનતી હતી, પરંતુ તે બહાર નહોતી આવતી, હવે તે ઘટનાઓ બહાર આવવા લાગી માટે આપણને તેનું પ્રમાણ વધુ લાગે છે. જેના પુરાવા રૂપે કેટલાક આંકડા : વર્ષ ૨૦૧૧માં દેશમાં સૌથી વધુ બળાત્કારની પ.બંગાળમાં ૧૧૦૦૦, ઉ.પ્ર.માં ૮૮૪૪, આસામમાં ૮૦૬૦ અને મહારાષ્ટ્રમાં ૭૭૦૩. તો સૌથી ઓછી બળાત્કારની ઘટનામાં સિક્કિમ ૧૬, નાગાલેન્ડ ૨૩ અને ગોવામાં ૨૯. જેનો ખ્યાલ મોટાભાગના લોકોને નથી. ડિસેમ્બર માસમાં દિલ્હીમાં દામિનિ પર ઘટેલ બળાત્કારની ઘટનાથી દેશ જાણે કે જાગૃત બની ગયો. માટે તો કેન્દ્ર સરકારે બળાત્કારની ઘટનાના અપરાધીને શું સજા હોઇ શકે અને ઘટના રોકવા માટેના ઉપાયો માટે જસ્ટીશ સ્વ.વર્મા સાહેબની અધ્યક્ષતામાં કમિટીની રચના કરેલ, આ કમિટિએ અપરાધીને ફાંસી આપવા અંગે કહેલું કે, જો પિડિતાનું મોત થાય કે તેના શરીરના કોઇ અંગ પર અસર થાય કે જે અંગ સારું થઇ શકે નહીં તો તે અપરાધીને ફાંસી આપવાની વાત છે, અન્યથા નહીં. પરંતુ ગત સપ્તાહમાં જ બાળકી શિવાની પર બનેલી ઘટનાથી દેશમાં શું સજા આપવી તે અંગે ફરી લોકમત ઊભો થયો. દેશની સંસદમાં અને આમ લોકો પણ કહેવા લાગ્યા કે, બળાત્કારના અપરાધીને ફાંસીની સજા આપવી જોઇએ અને તે પણ જાહેરમાં. ત્યારે પ્રશ્ન એ થાય છે કે, અપરાધીને ફાંસીની સજા આપવાથી શું બળાત્કારની ઘટનાઓ અટકશે ખરી ? આપના દેશમાં ખૂન કે આતંકવાદ માટે ફાંસીની સજા છે જ, તો શું આજે દેશમાં ખૂન કે આતંકવાદની ઘટનાઓ નથી બનતી ? કહેવાનો અર્થ એ નથી કે અપરાધીને ફાંસીની સજા નહીં આપવી, પણ કહેવાનો અર્થ એ છે કે, માત્ર ફાંસીની સજા આપવાથી બળાત્કારની ઘટનાઓને રોકી શકાશે નહીં. આ માટે વિવિધ પ્રકારના પ્રયત્નો કરવા પડશે.

ગત સપ્તાહમાં બાળકી પર થયેલ ઘટના પછી એક એવો પ્રજામત બહાર આવ્યો છે કે, આવા અપરાધીને જાહેરમાં ફાંસી કે ગોળી મારો કે મરચું મૂકીને ફટકારો. જેને ટીવી પર વારંવાર દર્શાવો. નાની છોકરી પર બળાત્કાર થાય તો ફાસ્ટ ટ્રેક કોર્ટની પણ જરૂર નથી, પોલીસ પાસે પૂરતા પુરાવા હોય તો તેની સજા પણ તાત્કાલિક હોવી જોઇએ. આપણા ન્યાયતંત્રની બલિહારી તો જુઓ કે, ડિસેમ્બર માસમાં દિલ્હીમાં બનેલી બળાત્કારની ઘટનાના તમામ પુરાવા અને ફાસ્ટટ્રેક કોર્ટ હોવા છતાં આરોપીઓને આજદિન સુધી સજા આપવામાં આવી નથી. જાહેરમાં ફાંસી એટલા માટે કે, તે ઘટનાને પ્રત્યક્ષ રીતે જોનાર કોઇપણ વ્યક્તિના મન પર એવી તો અસર થાય કે જોનાર કે ચર્ચા સાંભળનાર વ્યક્તિ આવી ઘટના કરવાથી દૂર રહે. જેલમાં ખાનગી રીતે અપાતી ફાંસીની અસર સામાન્ય માણસોના મન પર ભય ઊભો કરતી નથી.

આમ જોવા જઇએ તો દરેક અપરાધ માટે બે બાબતો મહત્ત્વની છે, એક તો અપરાધ રોકવો અને અપરાધીને સજા કરવી. જેમાં પ્રથમ બાબત વધારે મહત્ત્વની છે. અપરાધીને સજા માટેના પ્રયત્નો કરતાં અપરાધ ન થાય તે માટે વધુ પ્રયત્નો કરવાની જરૂર છે. બળાત્કારની ઘટનાને રોકવા માટે પોલીસમાં સુધારા કરવાની જરૂર છે જ, પણ તે થશે તો બળાત્કાર અટકી જશે તેવું પણ માનવાની જરૂર નથી.પોલીસ આવી ઘટનાને રોકી ન શકે, પણ રોકવા માટે સહયોગી ચોક્કસ પણે થઇ શકે. પોલીસની સાથે સમાજે પણ પોતાની ભૂમિકા ભજવવી પડશે. આ માટે દરેક વાલીએ પોતાના બાળકોમાં ચોક્કસ પ્રકારના સંસ્કારોનું સિંચન કરવું પડશે અને શિક્ષકે પોતાના વિદ્યાર્થીઓમાં ચોક્કસ પ્રકારના મૂલ્યો જાગૃત કરવા પડશે. યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ભૂમિકા પણ મહત્ત્વની થઇ પડે છે, તેમણે પણ સમાજમાં જાગૃતિ લાવવા અને આવા અપરાધોને અટકાવવા

માટે પ્રયત્નો કરવા પડશે. સમાજમાં વસતા દરેક વ્યક્તિની માનસિકતા બદલવી પડશે. સમાજમાં નગરપાલિકા, મહિલા મંડળો, ગામના સરપંચો, વિવિધ મંડળો, ક્લબો વગેરેએ પ્રયત્નો કરવા જોઇએ. આવા ગૂના અટકાવવા એ કોઇ એક ડિપાર્ટમેન્ટનું કામ નથી, પણ બધા ડિપાર્ટમેન્ટે સાંકળ બનાવવી પડશે.

આવી ઘટનાઓ બનવા પાછળનું મુખ્ય કારણ ગૂનો કરનાર વ્યક્તિમાં સમસ્કાર કે મૂલ્યો નથી, સાથે તેને કાયદાનો ડર નથી. હમણાં બનેલી આવી ઘટનાના ગૂનેગારોને પૂછવામાં આવેલું કે, આ ગૂના માટે શું સજા હોઇ શકે તેનો તને ખ્યાલ છે ? ત્યારે મોટાભાગનાનો જવાબ “ના” જ હતો.આમ જે માણસ કાયદો જ ન જાણતો હોય તેને કાયદાનો ડર ક્યાંથી હોય ? અંતે, દિલ્હીમાં ૨૦૧૩માં એપ્રિલના પ્રથમ સપ્તાહ સુધી સંબંધીઓ દ્વારા થયેલ બળાત્કારના કેટલાક આંકડા. પિતા દ્વારા -૧૦, સાવકા ભાઇ દ્વારા-૦૨, પતિ દ્વારા-૦૯, પિતરાઇ ભાઇ દ્વારા-૦૫, સસરા દ્વારા-૦૨, પડોશી દ્વારા-૧૧૫, મિત્ર દ્વારા-૧૨, પ્રેમી દ્વારા-૧૧૮, મકાન માલિક દ્વારા-૦૮ અને ડોક્ટર દ્વારા-૦૨. આમ માત્ર કાયદાથી બલાત્કાર રોકાશે નહીં, કાયદા બળાત્કાર રોકવામાં સહભાગી બની શકે, પણ, તે માટે વ્યક્તિની માનસિકતા બદલવાની જરૂર છે. જેમાં શિક્ષણ, ધર્મ, કુટુંબ જેવા પરિબળો દ્વારા સંસ્કાર, મૂલ્યો, જવાબદારીની ભાવના, નૈતિકતા વગેરે વધારે ઉપયોગી થઇ પડશે.